**સફળ વાર્તાઃ** તાઃ ૦૭.૦૨.૨૦૧૧

**લેખાંક – ૪**

# પહેલુ સુખ તે જાતે નર્યા

સરદાર સરોવર યોજના અંતર્ગત ખેડૂતોને મળનાર મર્યાદીત પાણીના જથ્થાનો કાર્યક્ષમ ઉપયોગ થાય તે સારૂ યોગ્ય પિયતની પધ્ધતિ અપનાવવાનો સમય પાકી ગયો છે. ત્યારે આપણે વાત કરીએ આવા જ એક ખેડૂતની કે જેઓ એ **ટપક પિયત પધ્ધતિ** અપનાવી પોતાની ખેતીને સફળ બનાવી છે, અને સાથે સાથે પોતાના કુટુંબના સભ્યોના સારા આરોગ્ય માટે થોડી જમીનમાં **સેન્દ્રિય ખેતી** અપનાવેલ છે.


શ્રી અશોકભાઈ, કુવાદર

ગુજરાત રાજયમાં પંચાયતી રાજનો અમલ શરૂ થયો ત્યારે ભરૂચ તાલુકાના પ્રથમ તાલુકા પ્રમુખ શ્રી લલ્લુભાઈ ભાઈ પટેલ હતા. તેમના નાના બે પુત્રો ભરૂચ ખાતે અનુક્રમે વકીલાત અને નોકરી કરે છે. જયારે મોટા પુત્ર શ્રી અશોકભાઈ, અમલેશ્વર શાખાની હિંગલ્લા ડીસ્ટ્રીબ્યુટરીની પગુથણ–કુવાદર માઈનોર–૧ ના કમાન્ડ વિસ્તારમાં, ભરૂચથી ૮ કિ.મી. દુર આવેલ મોજે કુવાદર ગામ ખાતે તેમની ખેતી સંભાળે છે.

શરૂઆતમાં તેઓએ ૧૦ એકર વિસ્તારમાં ટપક પધ્ધતિ કરેલ, જે વધારીને પછીના ત્રણ વર્ષમાં તેમની કુલ ૭૦ એકર જમીનમાં તેનુ વિસ્તરણ કરેલ અને છેલ્લા છ વર્ષથી સંપૂર્ણ ખેતરમાં ટપક પધ્ધતિથી પિયત કરે છે. આટલા મોટા વિસ્તારમાં પાણીની માંગને પહોંચી વળવા તેઓ પાસે ૧૫ હોર્સ પાવર ની મોટર


ડ્રીપ સિસ્ટમ

સાથેના બે બોરકુવા છે. સબસીડી બાદ કરતાં ટપક પધ્ધતિનો કુલ ખર્ચ રૂપિયા ૧૨ લાખ જેટલો થયેલ. તેઓના કહેવા મુજબ ઉત્પાદન વૃધ્ધિથી થયેલ વધારાની આવકમાંથી માત્ર બે જ વર્ષમાં વસુલ થયેલ. નર્મદા નિગમની **કૃષિ વિંગ** દ્વારા ૫ મી ફેબ્રુઆરી, ૨૦૧૧

ના રોજ તેમની વાડીની સ્થળ મુલાકાત કરેલ. જે આધારીત ઉભા પાકની છણાવટ આ મુજબ કરી શકાય:



૪૦ એકર વિસ્તારમાં અ ત–૧૫૫ અને અંકુર–૩૦૨૮ એમ બે જાત કપાસની વાવેલ છે. પહેલા એક એકરમાં ૭ થી ૮ કિવન્ટલ ઉત્પાદન મળતુ હતું જે ટપક પધ્ધતિ અપનાવ્યા બાદ વધીને ૨૩ થી ૨૫ કિવન્ટલ થાય છે. ૧૫ એકર વિસ્તારમાં તુવેરની કેસરગામ જાત વાવેલ છે. તુવેરનો પાક શીંગોથી ભરપૂર તથા છોડવા વાત રહિત છે. જે પૂર્ણ ઉત્પાદન ક્ષમતાએ પહોંચશે તેવું જણાય છે. આશરે ૭–એકરમાં દિવેલા નવભારત–૨૨ વાવેલ છે. જેમાં છોડની દરેક ડાળખી દિવેલાની ઘાટીથી ભરપુર છે. કપાસ વાવ્યા બાદ તે ખેતરમાં તુવેર કે દિવેલા વાવી **પાકની ફેરબદલી** કરે છે. તેઓના કહેવા પ્રમાણે, આમ કરવાથી પાકમાં રોગ વાતનો ઉપદ્રવ નહિવત જોવા મળે છે. થોડા વિસ્તારમાં કરેલ બાગાયતી પાકમાં આંબાના ઝાડ હાલ મોરથી છલોછલ છે જેમાં ઝાડ દીઠ ૧૫ થી ૨૦ મણ જેટલી કેરીનું ઉત્પાદન મળે તેવી શકયતા દેખાય છે. આંખો ઠરે તેવો એકદમ ચમકતો ચીકુનો ફાલ લાગેલ છે. લીંબુ તથા નાળિયેરીના છોડ પણ એકદમ તંદુરસ્ત છે.


કપાસમાં ટપક પધ્ધતિ

શ્રી અશોકભાઈ સેન્દ્રીય ખેતીના હિમાયતી છે. પોતાની આ જમીનમાં સેન્દ્રીય ખાતર ઉમેરવા માટે આગળના પાકની બધી જ ઉપ–પેદાશો જેવી કે સાંઠીઓ, પરાળ વગેરે રોટાવેટર ચલાવી ખેતરમાં જ ભેળવી દે છે, જે લાંબાગાળે જમીનમાં સેન્દ્રીય તત્વની જાળવણી કરે છે. જમીનની ફળદ્રુપતા

અને બંધારણની જાળવણી સારૂ તેઓ પ્રતિ એકર ૭ થી ૮ ગુણી દિવેલાનો ખોળ દર વર્ષે નાખે છે. પોતાની ખેતીમાં ઉપયોગ સારૂ ખેત ઉપ–પેદાશ અને છાણાંમાથી સેન્દ્રીય ખાતર બનાવે છે. જરૂરી જણાયે ડિકમ્પોઝર તરીકે બેકટેરીયાનો ઉપયોગ કરે છે. જેનાથી ૪૦ થી ૫૦ દિવસમાં સરસ સેન્દ્રીય ખાતર




તૈયાર થાય છે. આ બાબતે નિગમની કૃષિ વિંગ સાથે વિગતે પરામર્શ થયો. જેમાં શ્રી આર. બી. મારવીયા, કાર્યવાહક સંચાલક (કૃષિ) દ્વારા **કમ્પોસ્ટ પીટ** કે સેન્દ્રીય ખાતર બનાવવાનું દબમભ. મોડલ તથા **વર્મીકમ્પોસ્ટ** તૈયાર કરીને ઉપયોગ કરવાનું વધુ લાભદાયી રહેશે તેવું સુચવતા શ્રી અશોકભાઈ એ તુરંત તે અપનાવવાની તૈયારી બતાવેલ.

શ્રી અશોકભાઈના કહેવા મુજબ તેઓએ ૧૮ વર્ષ પહેલાં બ્રીટનની આસપાસના કોઈ ટાપુના લોકોનું સરેરાશ આયુષ્ય ૯૦ વર્ષનું હોવાનું અને તેનું કારણ ઝરણાનું શુધ્ધ પાણી અને તેનાથી પકવેલા શાકભા હોવાનું વાંચેલ. ત્યારથી તેમણે મનમાં સંકલ્પ કરેલ કે, પોતે પણ પોતાની પાસેની જમીન પૈકીમાંથી થોડા વિસ્તારને અલગ રાખી કુલ ૧૩ સભ્યોનાં ત્રણે ભાઈઓના સંયુકત કુટુંબ માટે જરૂરી શુધ્ધ અને સાત્વિક ઉત્પાદન કરવું. જે મુજબ તેઓ શ્રી ૮–એકર જમીન અલાયદી કરી સેન્દ્રીય ખેતી કરે છે. જેમાં કયારેય રાસાયણિક ખાતર કે દવાનો ઉપયોગ કર્યા વિના ફળ, શાકભા , ધાન્ય



અને પશુઓનો આહાર ઉત્પન્ન કરે છે. આશરે ૩–એકર જમીનમાં કાલીપત્તી ચીકુ–૧૦૦, કાગદી લીબું–૩૦, જમરૂખ–૩૦, આમળા–૩૦, આંબા–૩૦, નાળિયેર–૯૦ વગેરે ફળ પાકો ઉગાડેલ છે. બાકીની ૫ એકર જમીનમાં ઘઉ, ડાંગર જેવા ધાન્ય તથા રાઈ, ડુંગળી, લસણ સહિત

જુદા–જુદા શાકભા નું ઉત્પાદન કરે છે. તેઓ ત્રણ ભેંસ અને બે ગાયો રાખે છે. જેના આહાર માટે રજકો, જુવાર, ઘાંસ વગેરેનું ઉત્પાદન કરે છે.



ફળ પાક

શ્રી અશોકભાઈએ જણાવ્યુ કે પોતાના કુટુંબના ઉપયોગ ઉપરાંત જે ઓર્ગોનીક ઉત્પાદન વધે છે તે બજારમાં વેચે પણ છે. આમ કરવા સારૂ તેમને વડોદરા સ્થિત **જતન** નામની સંસ્થામાં નોંધણી કરાવી સંપૂર્ણ સેન્દ્રીય ઉત્પાદન માટેની માન્યતા પણ મેળવેલ છે.

કૃષિ વ્યવસાયમાં આર્થિક ઉપાર્જન સાથે સાથે પોતાના સંયુકત કુટુંબના સભ્યોની શારીરિક તંદુરસ્તીને પ્રાધાન્ય આપવાની આવી સમજ સાથે અલાયદુ ઉત્પાદન મેળવવાની તેમની **ભાવીલક્ષી સૂઝ** ખરેખર બિરદાવવા લાયક છે. **પહેલુ સુખ તે જાતે નર્યા** ની ખરી સમજ તે આને કહેવાય. નર્મદા પિયત વિસ્તારમાં આવી સક્ષમતા ધરાવતા ખેડૂતો આ ઉદાહરણ લઈ તેમની જમીનના કેટલાંક હિસ્સામાં આવી રીતે સેન્દ્રીય ખેતી કરે તો તે શારિરીક તંદુરસ્તીની સાથે લાંબાગાળે જમીનની તંદુરસ્તીની જાળણી માટે લાભદાયી રહેશે.


**સંપર્ક**

**સરદાર સરોવર નર્મદા નિગમ લિ.**

(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)

કૃષિ વિંગ, કાર્યવાહક સંચાલક (કૃષિ)

૧૨/૩ – સરદાર ભવન, સચિવાલય,

ગાંધીનગર – ૩૮૨ ૦૧૦

ફેકસ નં. ૦૭૯ – ૨૩૨ ૨૩૦૫૬

ઈ મેઈલ : ed.cd.ssnnl@gmail.com